# મચ્છરોને ઘરથી દૂર રાખતા ઈન્ડોર પ્લાન્ટ્સ



ઉનાળાની ઋતુમાં સાંજ પડતાં થોડો ઠંડો પવન શરૂ થતો હોય છે અને જો તેમાં પવનની સાથે સાથે મચ્છરો પણ ઘરમાં પ્રવેશ કરી દે તો સાંજ પડતાં જે થોડી ઘણી ઠંડક મેળવીને રાહત મળતી હોય તે પણ છોડીને બારીબારણાં બંધ કરીને બેસી જવું પડે છે. મચ્છરો માટેના રિપેલન્ટ કે સ્પ્રેનો ઉપયોગ કરી શકાય પરંતુ ક્યારેક તેની મચ્છરોની સાથે સાથે આપણને પણ આડઅસર થાય છે, તેની સ્મેલ ગમતી નથી અને તે તકલીફ કરે છે. આવી પરિસ્થિતિમાં કેટલાક ઈન્ડોર છોડ મચ્છરોને દૂર રાખવામાં મદદ કરે છે અને ઘરમાં કુદરતી સુવાસ અને તાજગી આપે છે. આ છોડને તમે દરવાજા અને બારી પાસે અને ઘરમાં જ્યાં તડકો આવતો હોય તેવા સ્થાન પર અથવા જ્યાંથી મચ્છરો પ્રવેશવાની શક્યતા વધારે હોય છે તેવાં સ્થાન પર મૂકી શકો છો. આ છોડની કાળજી રાખવાનું પણ એટલું મુશ્કેલ નથી. નિયમિત સંભાળ, યોગ્ય સૂર્યપ્રકાશ અને જરૂર પડે ત્યારે કાપણી કરીને તેમની માવજત કરી શકાય છે અને તેમની કુદરતી સુવાસ અને તાજગી નિયમિત મેળવી શકાય છે. તો જોઈએ મચ્છરોને દૂર રાખવામાં મદદ કરતા કેટલાક ઈન્ડોર છોડ.

## સીટ્રોનેલા પ્લાન્ટ:



મોટા ભાગે 'મચ્છરના છોડ' તરીકે ઓળખાતો આ સીટ્રોનેલા પ્લાન્ટ તેની તાજગી અને સાઈટ્રસ સુગંધ માટે જાણીતો છે. મચ્છરો મોટાભાગે આ સાઈટ્રસ સુગંધ પસંદ નથી કરતા અને એટલે તેનાથી દૂર રહે છે. આ છોડનાં પાંદડાંને હળવે હાથે મસળીએ ત્યારે તે તેલ છોડે છે જેની ગંધને કારણે મચ્છરો ઘરથી દૂર રહે છે. આ છોડ બારી અને બારણાં પાસે રાખવાથી નિશ્ચિત પરિણામ મેળવી શકાય છે. આ ઉપરાંત તે ઘરની હરિયાળીમાં ઉમેરો પણ કરે છે.

## લવેન્ડર :



આપણામાંથી ઘણાંને લવેન્ડરની સુવાસ ઘણી પસંદ હશે પરંતુ મચ્છરોને તે પસંદ નથી. આ સુંદર દેખાતા લવેન્ડરનાં ફૂલોનો છોડ ઘરમાં જ્યાં તડકો આવતો હોય તેવા સ્થાન પર મૂકી શકાય. તે તમારા ઘરની સુંદરતામાં વધારો કરશે, ઘરનું વાતાવરણ સુગંધિત અને શાંત બનાવશે અને સાથે સાથે મચ્છરોને પણ દૂર રાખશે.

## તુલસી :



તુલસી એક એવો છોડ છે જે દરેક ભારતીય ઘરોમાં અચૂક હોય છે. તે ફક્ત રસોઈ માટે જ નહિ પરંતુ તેની તીવ્ર સુગંધને કારણે મચ્છરોને ભગાડવામાં પણ ઉપયોગી છે. આ છોડને તમે તમારા રસોડાની બારીમાં કે ઘરના આંગણામાં કે જ્યાં તડકો આવતો હોય તેવી જગ્યા પર રાખી શકો છો. તુલસીનો ઔષધિ તરીકે ઉપયોગ તો આપણે વર્ષોથી કરતા આવ્યા છીએ. આ ઉપરાંત, આંગણામાં તેને રાખવાથી મચ્છરોને પણ આ ઉનાળામાં તમે ઘરથી દૂર રાખી શકશો.





## ફુદીનો :

આપણામાંથી ઘણાંને ફુદીનો નાખીને ચા પીવાની ગમતી હશે પરંતુ તેની તીખી અને તાજગીભરી સુવાસથી મચ્છરો દૂર ભાગે છે. ઝડપથી અને ઓછી માવજતે ઊગતો આ છોડ તમે નાના કૂંડામાં પણ રાખી શકો છો. ચા, પીણાં અને રસોઈમાં ઉપયોગી આ છોડ ઓછી મહેનતે ઘરમાં ઉગાડી શકાય છે અને મચ્છરોને દૂર ભગાડવા માટેનો આ સારો અને સરળ વિકલ્પ બની રહે છે.

## ગલગોટો:



આમ તો ગલગોટો આપણે ઘરની બહાર બગીચામાં જ જોયો છે પરંતુ કેટલાક ગલગોટાના છોડ ઘરમાં નાના કૂંડામાં પણ ઉગાડી શકાય છે. ગલગોટાના ફૂલ ઘરને રંગત અને સુંદરતા બક્ષે છે. તેની વિશિષ્ટ ગંધ મચ્છરોને દૂર રાખવામાં મદદ કરે છે.

## લીલી ચા :

લીલી ચામાં સીટ્રોનેલા ઓઈલ હોય છે જેના કારણે મચ્છરો તેની ગંધ પસંદ નથી કરતા. ઊંચા ઘાસ જેવા દેખાતા આ છોડ તમારા ઘરના ગાર્ડનને નવો લુક અને કુદરતી તાજગીભરી સુવાસ પણ આપશે.

## રોઝમેરી :



રોઝમેરીના છોડની એક વુડી સ્મેલ હોય છે જેની પાસે આવવાનું મચ્છરો પસંદ કરતા નથી. જ્યાં પૂરતો સૂર્યપ્રકાશ હોય તેવા ઘરના કોઈ ખૂણામાં તેને ઉગાડી શકાય છે જે ઘરને આહલાદક સુવાસથી ભરી દે છે. રોઝમેરીનો રસોઈમાં ઉપયોગ કરીને વાનગીને સ્વાદિષ્ટ બનાવી શકાય છે.

## કેટનીપ :

બિલાડીઓને આ છોડ ભલે પસંદ હોય પરંતુ મચ્છરોને આ છોડ પસંદ નથી. કેટનીપમાં અમુક કુદરતી સંયોજનો હોય છે જે મસ્કીટો રિપેલન્ટ તરીકેનું કામ કરે છે. આમ, મચ્છરોને દૂર રાખવા માટે તે ઘણો ઉપયોગી ઈન્ડોર પ્લાન્ટ છે.

## સેન્ટેડ જેરેનિયમ :

અમુક ચોક્કસ પ્રકારના સેન્ટેડ જેરેનિયમ, ખાસ કરીને લીંબુની સુગંધવાળા જેરેનિયમ મચ્છરોને દૂર ભગાડવામાં મદદરૂપ થઈ શકે છે. તેના આકર્ષક પાંદડાંને કારણે તેમને ઘરની બારીઓ પર મૂકી શકાય છે જેનાથી ઘરનો દેખાવ રંગીન અને આકર્ષક બની જાય છે.

## નીલગીરી:

નીલગીરીનો છોડ તીવ્ર સુગંધ ધરાવે છે જેનાથી મચ્છરો દૂર ભાગે છે.

ઘરમાં ઉગાડી શકાય તેવા નાના નીલગીરીના છોડ ઘરને સ્વચ્છ અને તાજગીભર્યું વાતાવરણ પૂરું પાડે છે.